# સંયમ કબ હી મિલે....

## જૈન બાલદીક્ષા એ શાસ્ત્ર અને ઇતિહાસ સંમત દિવ્યમાર્ગ

– 'ગુણશિશુ'

### સર્વજીવહિતકારી જિનશાસન :

જગતમાં ઊંચામાં ઊંચું દર્શન એટલે જૈન દર્શન ! કેવળ માનવ જ નહિ, એનાથી પણ નીચેના સ્તરના તમામ જીવો સાથે મૈત્રીકરુણા ભાવ રાખવા એલાન કરતું જૈન દર્શન એ સમગ્ર વિશ્વનું અનુપમ દર્શન છે, અને સર્વ જીવનું પરમ હિત કરનાર, પરમ પવિત્ર એવો ધર્મ એ જૈન ધર્મ છે અથવા શ્રી જિનેંદ્ર પરમાત્માનું શાસન છે.

### આત્માની મુક્તિ કેમ ?

કર્મવશ બનેલા જીવો આ સંસારમાં અનાદિ કાળથી અનેકવિધ જન્મ, મરણ, રોગ અને શોક આદિનાં ઘોર દુઃખો ભોગવી રહ્યાં છે. આ કર્મબંધનમાંથી યા આ કાતિલ દુઃખોથી આત્માની મુક્તિ કેમ થાય ? આ પ્રશ્નનો સંપૂર્ણ રીતે સચોટ ઉત્તર પણ જૈન દર્શન આપે છે :

"પૌદ્ગલિક ક્ષણિક પદાર્થો ઉપરનો રાગ આદિ દોષોથી સંસારી આત્માઓનું જે શુદ્ધ આત્મ સ્વરૂપ કલુષિત બન્યું છે, તે એ જ રાગાદિ દોષોના ત્યાગથી અને બીજા તેને પોષક ક્ષમાદિ ગુણોથી નિર્મળ બને.' આ છે જૈન દર્શનની પાયાની વાત. જો શ્રદ્ધાપૂર્વક સમજવામાં આવે, તો શ્રી જૈન દર્શનની ભાગવતી દીક્ષાની અપ્રતિમ અને ઉચ્ચ ભૂમિકાનો કોઈ પણ મનુષ્ય વિરોધ કરી શકે એમ નથી.

### દુઃખોની પરંપરાનો અંત એટલે જૈન દીક્ષા :

આ સંસાર અનાદિ કાળથી છે, તેમ આ જીવ પણ અનાદિ છે જ. દારૂડિયાની જેમ મોહના કેફમાં આ જીવ પોતાનું શુદ્ધ અને મુકત સ્વરૂપ સમજી શકયો નથી. માનવભવ મળવા છતાં રાગાદિ ભાવોને લીધે અભિભૂત થઇ જીવ ક્ષણિક એવા ભોગોમાં જ સ્વજીવનની ઇતિકર્તવ્યતા સમજ્યો છે. માનવભવ સિવાય તિર્યંચાદિ યોનિઓમાં વિવેકપૂર્વક રાગાદિત્યાગની સાધના જીવ માટે અશકય છે. અરે ? અનેક વખત માનવભવ મેળવવા છતાં આ સાધના અને સમજ આ જીવને આવી નથી. આ સમજ આવે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહીં અને રાગાદિ દોષોના ત્યાગ માટે જબ્બર આત્મપુરુષાર્થ કરાય નહિ, તો ભાવિમાં અર્થાત મૃત્યુ બાદ પુનઃ એ જ જન્મ-મરણની ભયંકર ઘટમાળ અને કાતિલ દુઃખોની પરંપરા ચાલુ જ રહેવાની છે. જગતના આ અવિચળ નિયમમાં કોઇ પણ ફેરફાર કરી શકે તેમ નથી. સાચા સુખના અર્થી જીવે આ કડવું સત્ય માન્યે જ છુટકો છે. માનવ-ભવમાં પણ ત્યાગની સાધના વિરલ આત્માઓ જ કરી શકે છે. સાચા સુખના ઇચ્છુક સ્ત્રીપુરુષોએ આત્મહિત માટે પોતાના આ દુર્લભ માનવભવમાં ઠેઠ બાળપણથી માંડી મરણ પર્યંત એટલા માટે ત્યાગી જીવનનો અભ્યાસ કરવો જરૂરી છે. ત્યાગી સાધકોના ત્યાગધર્મને જોઇ જગતના જીવોને એમાંથી જ પ્રેરણા અને બોધ પ્રાપ્ત થાય છે, અને તેઓ પણ ત્યાગને માર્ગે જાય છે.

## સાચી સંસ્કૃતિના રક્ષક કોણ?

આમ આપણા દેશની, આર્યદેશની પવિત્ર સંસ્કૃતિને ત્યાગીઓએ જ જીવંત રાખેલી છે. જિંદગીના બલિદાન અને સ્વાર્પણ દ્વારા જ આ પવિત્ર સંસ્કૃતિ પ્રવાહ ટકી રહ્યો છે અને ટકી રહેવાનો છે. જે પવિત્ર સંસ્કૃતિ પાછળ અનંત આત્માઓનો ઉજ્જવલ ઇતિહાસ છે....એ ત્યાગધર્મનો કોઇ કદાચ પોતાની જાત માટે અસ્વીકાર કરે, પણ એનો અન્ય માટે વિરોધ તો કેમ કરી શકે? અને છતાં વિરોધ કરે, તો તેને માનવ કહેવો કે દાનવ? જેના હૃદયમાં પોતાના પૂર્વજોના ઉજ્જવલ ઇતિહાસ અને પવિત્ર આદર્શોનું ગૌરવ નથી, તેને શું નામ આપવું? ભૂતકાલીન એ ગૌરવને ભૂલી જઇ અપવિત્ર પ્રણાલિકા પાળનાર અને સંસ્કૃતિની કતલ કરનારને માનવ શે કહેવાય?

## જગતમાં સર્વ ત્યાગ ઉપાદેય છે:

પોતાને સમજુ માનતા મનુષ્યો દીક્ષાના વિરોધી નથી હોતા, પણ બાલવયમાં થતી દીક્ષાઓ સામે તેમનો વિરોધ હોય છે. આમાં તેઓ પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરાવતા હોય છે. સમજના અભાવે જ કેટલાક બાલદીક્ષાના વિરોધી હોય છે. એવા આત્માઓની સમજ માટે હવે આપણે પ્રયત્ન કરીએ.

## દીક્ષા કોણ લઈ શકે?

પરમ પવિત્ર શ્રી જિનશાસનમાં સંસાર ત્યાગની દીક્ષા વર્ષ ૮ થી ૭ ની વય સુધી ગ્રહણ કરી શકાય છે. (અહીં સાતનું કથન ગર્ભથી ગણતરીનું છે.) નાની ઉમ્મરમાં દીક્ષા લઇ શકાય છે, એમાં કશો જ વાંધો નથી, એ વાત જાણીએ તે પહેલાં નીચેના ગુણો જેમાં હોય તે જ દીક્ષાને પાત્ર છે: (૧) આર્યદેશમાં જન્મેલ હોય, (૨) વિશિષ્ટ અનિંદ્ય જાતિકુલસંપન્ન હોય, (૩) ખૂન, ચોરી, જારી આદિ દુષ્ટ કર્મો કરનાર ન હોય,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) ઠગબુદ્ધિ ન હોય, (૫) સંસાર કેવળ જન્મ, જરા, મરણાદિ દુઃખોથી ભરપૂર છે, એવું જાણતો માનતો હોય, (૬) એ કારણે જ એ સંસારના ભોગોથી ઉદાસીન અર્થાત વૈરાગી હોય, (૭) શાંત પ્રકૃતિ હોય, (૮) ઝઘડાખોર ન હોય, (૯) વફાદાર હોય, (૧૦) સમાજ, રાષ્ટ્રના વિશાળ હિતને બાધકારી ન હોય, (૧૧) રાજવિરોધી ન હોય (૧૨) ખોડખાંપણવાળો ન હોય, (૧૩) પ્રતિજ્ઞા–પાલનમાં દઢ હોય અને (૧૪) મોક્ષના હેતુથી દીક્ષા લેવા તૈયાર હોય. આવા ગુણોથી યુક્ત આત્મા દીક્ષા લઇ શકે છે.

જૈન મહર્ષિપુંગવોએ સોળ વર્ષની વય પછી સ્વતંત્ર અધિકાર માન્ય રાખ્યો છે. એવા પુરુષે પણ પોતાની પાછળ પોતાને આધારે જીવતા કુટુંબીઓની આજીવિકાની યોગ્ય વ્યવસ્થા કરેલી હોવી જોઇએ. તેના શિરે કોઇનું ઋણ બાકી હોવું ન જોઇએ. એવા પાત્ર–આત્માને દીક્ષા આપવામાં સાધુને ચોરીનો દોષ લાગતો નથી. ૮ થી ૧૬ વર્ષનો યુવાન તો તેના માબાપની સંમતિ વિના દીક્ષા લઈ શકતો નથી અને સાધુ જો તેવાને રજા વગર દીક્ષા આપે, તો તેને ચોરીનો દોષ લાગે છે. તેથી સાધુઓ આવી દીક્ષા આપતા પણ નથી. છતાં સ્રી તો જેના તાબામાં હોય, તેની અનુમતિ મેળવીને જ દીક્ષા લઈ શકે છે. તે નારી જો સગર્ભા કે બાલવત્સા હોય, તો તે સંયોગોમાં દીક્ષા લઇ શકતી નથી.

## ....તો બાલ દીક્ષા શા માટે?

જૈન શાસનમાં મોટાને કે બાલને કોઇ અશુભ હેતુથી કે લેનારનું જીવન ખરાબ થાય તે માટે દીક્ષાઓ અપાતી નથી. જૈનશાસનમાં જન્મેલાં નાનાં બાળકોને પણ આ દીક્ષાની ઉપયોગિતા જન્મસિદ્ધ હોય છે. જૈન સાધુઓ તો બ્રહ્મચારી હોય છે. આથી તેમની પાસે દીક્ષા લેનારા તો ગૃહસ્થો યા ગૃહસ્થોનાં બાળકો હોય છે. શ્રાવકનું કુળ એટલે દીક્ષા લેનારાઓનું પ્રભવસ્થાન!

## જૈન ઘરોમાં જ દીક્ષાની તાલીમ : દીક્ષાનો પ્રભાવ

જૈન શ્રમણ સંસ્કૃતિના રક્ષણ માટે દીક્ષાઓ તો અનિવાર્ય જ છે; પણ અહીં પ્રશ્ન એ છે કે, બાલદીક્ષિતો દીક્ષા લઇ કઈ રીતે સ્વ–પરનો ઉપકાર કરી શકે? અથવા તો કઇ રીતે મુનિજીવનના નિયમો પાળી શકે? ગૃહસ્થ જીવનમાં અને આદર્શ જૈન કુટુંબોમાં તો છેક નાની વયથી જ પ્રભુદર્શન, પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, આયંબીલ, એકાસણાં અને ઉપવાસાદિ તપશ્ચર્યાઓ, શાસ્ત્ર અને વ્યાખ્યાન–શ્રવણ, અભ્યાસ, સાધુ–સત્સંગ, સાધુભક્તિ કંદમૂળ ઈત્યાદિ અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, વ્યસન રહિતતા, બ્રહ્મચર્યપાલન અને વિવિધ અભિગ્રહ કે પચ્ચ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃખાણ આદિ ધાર્મિક આચારો સેવાતા જ હોય છે. અને એ દ્વારા જ સહજ રીતે સાધુજીવનની તાલીમ મળી જતી હોય છે. એને બીજાઓની જેમ જૈન સાધુજીવનની કઠોર ચર્યા કઠણ લાગતી નથી. તેવા આત્માઓને પૂર્વનાં પુણ્યો અથવા સારા સંસ્કારો જાગે છે. અને તેથી જૈન કુળમાં જન્મ અને નાની વયમાં ઉપરોકત કેટલાક નિયમોનું પાલન સુલભ બને છે. તેવી જ રીતે બાલવયમાં દીક્ષા લેવાના કોડ જાગવા એ પૂર્વનાં સંસ્કાર અને પુણ્ય છે. જે ભાવ બીજાને જાગતો નથી યા તો મુશ્કેલીથી જાગે છે, તે જૈન કુળના ધર્મિષ્ઠપણાનું સૂચન કરે છે. ધનાઢ્ય ક્રોડ-પતિઓ પણ દીક્ષા લે છે, તો કોઇ સંસારની અનેકવિધ સામગ્રીઓ પોતાને અનુકૂળ મળી હોય, છતાં પણ દીક્ષા લેવા સજ્જ બનતા હોય છે. આજકાલનો ઇતિહાસ જ એ પ્રગટ કરી આપે છે કે, દીક્ષાનું સ્થાન કેવું ઊંચું છે! ધામધૂમથી પ્રભાવનાપૂર્વક દીક્ષાઓ લેવાય છે. સંસારી કાર્ય પ્રસંગોએ તો કદાચ મિત્રો શુભેચ્છકો કે સગાસંબંધીઓ જ ભાગ લે છે, પણ દીક્ષા વખતે તો સકલ સંઘ અને વિરાટ માનવ-મહેરામણ પણ ભાગ લે છે, દીક્ષા લેનાર બાળક, યુવાન કે વૃદ્ધ હોય તો પણ, તેના પ્રત્યે સૌ કોઇ આદરભાવથી જોતા હોય છે.

## બાલ દીક્ષિતોની દીક્ષા સફળ :

એ તો પ્રસિદ્ધ જ છે કે, જે આચાર કે જ્ઞાન નાની ઉમ્મરમાં શિખવાય, તે દઢમૂળ થઇ ને મોટી ઉમ્મરે બળવાન દેખાય છે. દાખલા તરીકે નાની ઉમ્મરે અંગ્રેજી થોડું પણ શીખેલો મોટી ઉમ્મરે અંગ્રેજી કડકડાટ બોલી શકે છે, તે સૌના અનુભવની વાત છે.

સંસારના વિવિધ ભોગો અને તેની ભોગમય હવામાં દૂષિત થયેલા ચિત્તવાળો દીક્ષા લે, તેની દીક્ષા કરતાં બાલદીક્ષિતોની દીક્ષા સુગમ બને છે; તેથી તે દીક્ષા ભુકતભોગ દીક્ષિત કરતાં વધારે સફળતાને વરે એ સિદ્ધ વસ્તુ છે. આ કારણથી જ જૈન શાસનની આર્યપરંપરાની ઉજ્જવલ શ્રમણ સંસ્કૃતિને ટકાવી રાખવા માટે જ્ઞાની ભગવંતોએ આઠ વર્ષ વટાવી ગયેલા બાળકને દીક્ષા લેવાની છુટ આપી છે. એટલું જ નહીં, પણ તેના પર ખાસ ભાર મૂકયો છે. પૂર્વે જે જે સમર્થ પ્રભાવક આચાર્ય ભગવંતો કે મુનિપુંગવો થઇ ગયા છે, તેમનાં જીવનચરિત્ર તપાસશો. તો તમને એ બાબત અચૂક માલમ પડશે કે પ્રાયઃ તેઓ ૮ થી ૧૬ વર્ષની ઉમ્મરે દીક્ષિત થયેલા હશે. સંસાર ભોગવીને દીક્ષા લેવા કરતાં બાલવયમાં લેવાતી દીક્ષા જીવનમાં અનેરો આનંદ અને સ્ફૂર્તિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બક્ષે છે. આથી બાલદીક્ષાનો વિરોધ એટલે એક દૃષ્ટિએ જિન શાસનનો દ્રોહ કરવા બરાબર છે, એ જ ખ્યાલ ખાસ કરવા જેવો છે. મહાવ્રતો ગ્રહણ કરનાર બાલ-મુનિને તે પછી હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, પરિગ્રહ જેવા અનિષ્ટ દોષોને અવકાશ જ ક્યાં રહે છે? જે આ મુદ્દો સમજે છે, તેને બાળદીક્ષા વિરોધનો વિષય બની શકતી નથી. 'બાળને દીક્ષા બાદ કૌતુક જાગે તો? તે ગૃહવાસમાં પાછો આવે તો?' એમ કહેવું અથવા તો આવા શ્રમણના આ જીવનની બાળલગ્ન વગેરે સાથે સરખામણી કરવી, એ વાહિયાત વાત નથી, તો બીજું શું છે? આર્ય-દેશમાં દીક્ષા જીવન પર્યંત પાળવાની હોય છે, એ હકીકત જ છે. એમાં કોઈ પણ ફેરફાર શક્ય નથી, અને કોઇ ફેરફાર કરી શકે પણ નહિ.

કોઇ એમ કહે કે, 'હું અમુક સમય સુધી દીક્ષા પાળું.' તો તેવાને દીક્ષા અપાય જ નહીં, પછી ભલેને તે દીક્ષા ન લે. એટલા માત્રથી કંઇ જિન શાસન વિચ્છિન્ન જવાનું નથી, કે શાસનનું અહિત થવાનું નથી. હા, એટલું ખરું કે, દીક્ષા લીધા પછી કોઇ ભાગવતી દીક્ષાનાં વ્રતો ન પાળી શકે, તો એથી એનું જીવન કંઈ એટલું નિમ્ન કોટિનું બની જતું નથી. તે ગૃહવાસમાં પાછો આવી જાય છે અને ત્યાં એની પાત્રતા મુજબ સામાજિક દરજ્જો મેળવી લે છે. એવા દાખલા ભૂતકાળમાં થયા છે અને વર્તમાનમાં પણ દેખાય છે. વ્યવહારમાં પણ દેખાય છે કે, દેવાળું કાઢનારા હોવા છતાં કોઇ વેપાર બંધ કરતું નથી. દીક્ષા અંગે કોઇ દાખલો બન્યો કે બને, તો તેથી આખા સમાજ ઉપર બાલદીક્ષા પ્રતિબંધ કરી શકાય જ નહીં.

આમ છતાં યોગ્ય ગુરુ પાસે થતી બાલદીક્ષાઓ શાસનપ્રભાવનું કારણ છે, એ ચોક્કસ છે. બાલદીક્ષાના વિરોધીઓ એમ કહેતા હોય છે કે, બાળક પુખ્ત વયનો થાય પછી દીક્ષા લે તો?

### સંસારનો રાગ ત્યાગ વિના ન જાય.

પણ તેમને જ પૂછવા દો કે, એ બાળકનું ભાવિ કેવું? કેટલાં વરસ સુધી જીવશે, એ તમે કહી શકશો? જો એ બાબત તમે 'ના' એમ જવાબ આપશો, તો પછી આયુષ્ય ચંચળ છે, અને ચોમેર વિલાસોના વાયરા, ભોગોની આગ અને સુખ-શીલિયાપણાનું શિક્ષણ આગની જેમ મનુષ્યોને ભડકે બાળી રહ્યાં છે. તેની વચ્ચે વિશ્રાંતિસ્થાન જેવી, આત્માનો પરમોત્કર્ષ સાધવા માટેની વિરલ તક કે આ શાસ્ત્રાજ્ઞા-વિહિત દીક્ષા કોઈ પણ વયમાં સ્વીકારી શકવાનો પવિત્ર હક્ક અવિચ્છિન્ન અને અબાધિત જ રહેવો ઘટે. અહીં આપણે એ ભૂલવું ન જોઇએ કે, સંસારના ભોગોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ ત્યાગ વિના જતો નથી. જ્યાં સુધી જાય નહિં, ત્યાં સુધી સંસારથી મુક્તિ ક્યારે? ભોગરાગના અનાદિ અનાદિ સંસ્કારો જડમૂળથી ઉખેડવા માટે કેટલાય ભવોના અભ્યાસની આવશ્યકતા છે. બાળક ચાલતાં પડી જાય તો ચાલવાનો અભ્યાસ છોડાવી શકાય નહીં. કોઈમાં વ્યકિતગત ત્રુટિઓ, સ્ખલનાઓ હોય તો પણ આત્મપ્રગતિના આ મહામાર્ગે વારંવાર ચાલવાનો અભ્યાસ જરાયે છોડી શકાય નહીં. કોઇ એક વ્યકિતના દોષોને કારણે જાહેર અહિત કરાય નહિ, કે જેથી અનેક આત્માઓ બાલવયથી જ પવિત્ર સંસ્કારો અને આચારોથી વંચિત બની રહે, અને અનેકોની આત્મપ્રગતિ રૂંધાઇ જાય. મોક્ષરૂપ મહેલમાં પહોંચવા મુમુક્ષુએ જે અપ્રમત્તયોગથી ક્ષપકભાવે ગુણશ્રેણીના ઉચ્ચ અને ઉચ્ચતર પગથિયાં ચઢવાનાં છે, તેમાંનાં પાંચ પગથિયાં વટાવ્યા પછી છઠ્ઠું ગુણઠાણું મુનિધર્મનું આવે છે. તે ગૃહવાસમાં રહી પ્રાપ્ત કરી શકાતું નથી. એ માટે તો સમકિત વગેરે ગુણોની સપાટી પર પગલાં પાડી, દીક્ષાના પ્રથમ પગથિયે ચડવું જ જરૂરી છે. આ એક એક પગથિયું ચઢે, તો માનવ ઉપર ઉપરના પગથિયે પહોંચે અને શ્રેણી માંડીને કેવળજ્ઞાન મેળવી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

જે આત્માઓ અન્ય લિંગમાં કે અન્ય સંયોગોમાં મોક્ષને વર્યા છે, તેમાં પણ તેમણે પૂર્વજન્મોમાં પાળેલ દીક્ષા, તે પૂર્વે કરેલ વ્રતસ્વીકાર અને તે દ્વારા કરેલ સુંદર અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ જ મુખ્ય કારણ તરીકે રહેલ હોય છે.

આ બાબત સમજવા છતાં વિરોધીઓનો એક જ સૂર હોય છે કે, બાળક આ બધું શું સમજે? પણ આજના વૈજ્ઞાનિક યુગમાં બાળકને જ્ઞાન અગર સમજ કેટલી હોય છે, તે તો પ્રગટ જ છે! આજે ૧૩–૧૪ વર્ષના કિશોરો મેટ્રિક ( S. S. C. ) પણ પાસ કરે છે. વળી અનેકવિધ અભ્યાસક્ષેત્રોમાં તેમની બુદ્ધિનો વિકાસ આપણે જોઈ શકીએ છીએ. એવા સમયમાં આપણા કેટલાક શ્રાવકો જો એમ કહે કે, અઢાર વરસની અંદરનાં બાળકો દીક્ષામાં શું સમજે, તો એ વિચારણા હકીકતો સાથે બંધબેસતી નથી.

આઠ વર્ષની વયે દીક્ષા લઈ શકાય છે અને બાલદીક્ષિત ગુરુકુલવાસમાં પ્રગતિ કરી શકે છે. એ ભવભીરૂ પરમોપકારી શાસ્ત્રકારો જાણતા હતા, માટે જ તેમણે આવી આજ્ઞા કરી છે. આવી દીક્ષાઓ પણ માબાપની રજા વગર અપાતી નથી અને તેથી સામાજિક અહિતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. લેનાર સમજ અને ભાવથી દીક્ષા લે છે અને વડીલો ખુશીથી તેનું હિત સમજીને સંમતિ આપે છે. એમને એમ રજા વગર તો દીક્ષા અપાતી જ નથી. દીક્ષા તો દુર્લભ છે, તેથી દીક્ષા લેનારા પણ અલ્પ હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ દીક્ષાથી રાષ્ટ્રનું કલ્યાણ :

જે કોઇ સમાજસેવકે કે નાગરિકે યા રાષ્ટ્રના કે જાહેર સામુદાયિક કલ્યાણ માટે ઉત્સુક હોય, તેને બાલદીક્ષાના હિમાયતી બનવું જ જોઇએ. આજે મદ્યપાન ખૂનો, આપઘાત અને ગુનાઓ તેમ જ દુરાચારો વધી રહ્યા છે અને તેને અટકાવવા સરકારને પારવાર મુશ્કેલી પડે છે. અને તે કાર્ય માટે પોલિસો, કોર્ટો, જેલો ઇત્યાદિ પાછળ કેટલા ખર્ચ થતા હોય છે ? આ મુશ્કેલીમાંથી બચવું હોય તો સમાજવ્યસ્થા અને રાષ્ટ્રના હિત માટે બાલદીક્ષિતો ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. કારણ કે બાલવયમાં તેવાં અનિષ્ટોથી તેઓ દૂર રહેશે અને ભાવિમાં અનેકોને તેઓ સાચા સુખનો સન્માર્ગ દેખાડનાર ધર્મોપદેશકો થશે. તેઓ ધર્મોપદેશ દ્વારા ભાવનાઓમાં પરિવર્તન લાવી ગુનાઓ અટકાવી શકે છે, એટલું જ નહિ પણ શ્રોતાઓના હૃદયમાં ઉત્તમ ગુણોનું આરોપણ કરી સમાજને સ્વર્ગના સુખો અપાવી શકે છે. દેશી સુવ્યવસ્થામાં ઋષિઓનું કાર્ય ઉપાડી લેનાર આ દીક્ષિતોનો મોટો હિસ્સો છે, એ ભૂલવું ન જોઇએ. આ બાબતમાં ગુજરાતમાં વિ. સં. ૧૨૩૦ માં અંત પામતો કુમારપાળ રાજાનો શાસનકાળ યાદ કરવા જેવો છે. તે સમયના પ્રજાના સુખમાં હેમચંદ્રાચાર્ય જેઓ આઠ વર્ષે દીક્ષિત થયેલા હતા, તેમનો ફાળો નાનોસૂનો ન ગણી શકાય. આવાં અનેક દષ્ટાંતો ઈતિહાસમાં છે.

દીક્ષાઓ તો સમજપૂર્વક જ લેવાતી કે અપાતી હોય છે. પણ માનો કે, ઓછી સમજથી લેવાઈ તો સાધુજીવન જ એવી વસ્તુ છે કે, એ માર્ગે સાધકમુનિ આગળ વધતો જાય અને જ્ઞાન અને સમજ મેળવતો જાય. આ રીતે દીક્ષા લઈ અબૂજ જીવો જ્ઞાનધ્યાનના બળે મહાયોગી બન્યાના પણ અનેક દાખલાઓ જૈન શ્રમણ સંસ્થાના ઇતિહાસમાં ઉજ્જવલ અક્ષરોથી ઝળહળે છે. તાત્પર્ય એટલો જ છે કે, વ્રતો અને મહાવ્રતો અમૃત છે. ઓછી બુદ્ધિવાળો પણ શ્રદ્ધાભક્તિવાળો માણસ એથી ઉત્તમ જીવન પ્રાપ્ત કરી શકે છે, એમાં શંકા નથી.

દીક્ષા વિરોધ સિવાય કરવા જેવું કરો ને ?

બાળવયમાં લેવાયેલી દીક્ષા ચારિત્રનિર્માણમાં ખૂબ જ સહાયક છે, કેમ કે, બચપણથી સંયમ લેવાને કારણે ઇંદ્રિયો પર સહજ કાબુ, ગુરુજનોના નિગ્રહનું ઉત્તમ ફળ, અને શાસ્ત્રમર્યાદાનું પાલન સહજ બને છે. આનાથી આગળ જતાં મુનિ સંયમમાર્ગમાં સ્થિર બની રહે છે. દીક્ષાના પ્રભાવથી તે કૌતુકો અને તેવાં નિમિત્તોમાંથી પણ બચી જાય છે. સહજ નિયમપાલન અને બ્રહ્મચર્યથી બળવાન બનેલો સાધુ સંયમમાં સહેજે સ્થિર થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ભુક્તભોગ દીક્ષિતની સ્થિતિ એ પકવ બુદ્ધિનો હોવા છતાં વધારે મુશ્કેલીવાળી હોય છે. તેને પૂર્વના ભોગો કવચિત યાદ આવે છે, એટલે વધારે સંકલ્પશક્તિ વાપરી તેણે અસંયમની સામે લડવું પડે છે. એને ટકવાને પ્રબળ વૈરાગ્યનું સાધન હોય છે, જયારે બાળમુનિને અભ્યાસ (ટેવ)નું સાધન વજ્રકવચ જેવું હોય છે. તેમ છતાં, દીક્ષા લઈને હારી જનારની સંખ્યા અલ્પ હોય છે. દીક્ષાના કઠણ નિયમો અભ્યાસ–વૈરાગ્યના સાધનોથી સહેલા બને છે. તેની સચ્ચાઈનું આ પ્રમાણ જ બસ છે.

આજે કેટલાક જૈનો પોતે જ બાલદીક્ષાનો વિરોધ કરી પોતાની માન્યતાવાળાઓનું જૂથ ભેગું કરી સંઘના સંગઠનને નિર્બળ કરી નાખતા હોય છે. સ્વપક્ષને પ્રબળ કરવા શાસ્ત્રસંમત વાતોનો વિરોધ કરવાની તેમને સતત ચિંતા રહે છે. સમાજનાં બીજાં અનિષ્ટો દૂર કરવાની વિચારણા સુદ્ધાં તેઓ કરતા નથી. પોતાની મતિએ માન્ય કરેલી પ્રવૃત્તિઓમાં તેઓ તન–મન–ધનની શક્તિઓ લગાડે છે અને બીજાને લગાડવાને પ્રેરે છે. પણ તેઓ જો સંઘનું સંગઠન, સાધર્મિકોની ભક્તિ કે તેમના ઉદયની ચિંતા, ભવરોગોના નાશ માટે જિનમંદિર, ઉપાશ્રય આદિનું નિર્માણ કે જીર્ણોદ્ધાર, જિનાગમો-ની રક્ષા માટે શાસ્ત્રગ્રંથોનું લેખન-પ્રકાશન, ગ્રંથોનું રક્ષણ, બાળકોને ધાર્મિક, નૈતિક જ્ઞાન આપવા પાઠશાળાઓ કરવા જેવી પ્રવૃત્તિઓમાં કેમ શક્તિ ખર્ચતા નથી, એ જોઈને અચરજ થાય તેવું છે. કોઈ બાલવયમાં દીક્ષા લે, તેથી સમાજનું કોઈ પણ અંશે અકલ્યાણ થવાનું નથી. **यदेव विरजेत् तदेव प्रव्रजेत** (જેવો વૈરાગ્ય થાય કે તરત જ દીક્ષા લેવી જોઈએ.) એ ઉપનિષદનું વચન પણ આ જ સત્યનું પ્રતિપાદન કરે છે.

સને ૧૯૫૫ માં પ્રભુદાસ પટવારીએ મુંબઈ સરકારના તા. ૧૬–૯–૫૫ ના ગેઝેટ (વિભાગ ૫) માં તથા મુંબઈ રાજ્ય વિધાન પરિષદમાં પણ બાલદીક્ષા પ્રતિબંધક બીલ રજુ કરેલ. તે વખતે જૈનોએ શાસ્ત્રીય બાલ દીક્ષાનાં સિદ્ધાંતની રક્ષા માટે ખૂબ જ જાગ્રતિ બતાવેલી. તે વખતના મુંબઈના મુખ્ય પ્રધાન (ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન) શ્રી મોરારજી દેસાઈએ પણ બાલ સંન્યાસ (દીક્ષા)ની તરફેણ કરેલી હતી.

**નીતિશાસ્ત્ર આ મુજબ કહે છે :**

पूर्वे वयसि तत्कुर्यात् येन वृद्धः सुखं वसेत् ।
यावज्जीवेन तत्कुर्यात् येनामुत्र सुखं भवेत् ॥

પ્રારંભની વયમાં એવું કાર્ય કરવું જોઈએ કે જેનાથી વૃદ્ધાવસ્થામાં સુખે રહેવાય. અને આખી જિંદગી એવું કાર્ય કરવું કે જેથી પરલોકમાં સુખી રહેવાય.

જૈન સાધુઓના જીવનમાં આ શ્લોકનો સાક્ષાત્કાર થયેલો જોવા મળશે. બાલદીક્ષાના વિરોધીઓ પાસે કોઈ સજ્જડ દલીલો હોતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલદીક્ષાના વિરોધીઓ આ જરૂર વિચારે :**

પૂર્વના પાપોદયને કારણે કેટલાક આત્માઓને સંસારમાં ખાવા માટે પણ ફાંફાં મારવાં પડતાં હોય છે. કુટુંબ પ્રતિકૂળ હોય, અનેકવિધ ઉપાધિઓ હોય, તો પણ તેઓને કોઈ કહે : 'અરે ભાઈ, આમ હેરાન થાય છે, તેના કરતાં દીક્ષા લઈ લે ને ! આથી દુઃખો દૂર પણ થશે અને તારા આત્માનું કલ્યાણ પણ થશે.' આમ કહેવા છતાં તે માણસને દીક્ષા લેવાની રુચિ થતી નથી. તો દીક્ષા લેવાની, કઠણ વ્રતોથી જીવનને ઊજળું કરવાની વાત ક્યાં રહે? ત્યારે બાળકને બાલવયમાં સ્વેચ્છાએ પવિત્ર જીવન માટે મળતી વિરલ તકને ગુમાવવાનો ઉપદેશ કરનાર શ્રાવકે ન થવું જોઈએ. વળી માબાપે પણ પુત્રમોહમાં પડી બાળકનું કલ્યાણ રોકવું ન જોઈએ. ગામની કે કુટુંબની એક વ્યક્તિ થકી પણ ગામમાં કે કુટુંબમાં ધર્મભાવનાના સંસ્કારો ટકી રહેતા હોય એવું પણ ઘણે સ્થળે બને જ છે.

**દીક્ષા લેવાની ભાવના ક્યારે જાગે ?**

જેમને આયુષ્ય કર્મ સિવાયનાં બાકીનાં સાત કર્મોની સ્થિતિ ઘટીને અંતઃ કોડાકોડી (ક્રોડને ક્રોડ વડે ગુણતાં જે આવે તે) ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ સાગરોપમથી ઊભી થાય, ત્યારે તેને જિનવચન પ્રત્યે આદર થાય. અંત કોડાકોડીમાં પણ બેથી નવ પલ્યોપમની ન્યૂનતા થાય, ત્યારે તેને શ્રાવકધર્મ પર રુચિ થાય. અને એ અંતઃ કોડાકોડી કાળમાં જ્યારે સંખ્યાતા **સાગરોપમ** સ્થિતિ ઓછી થાય, ત્યારે તેને સર્વવિરતિ ધર્મ ઉપર પ્રીતિ થાય છે. આ કર્મલઘુતાનું ભાગ્ય સર્વને સુલભ પણ નથી અને તેમાં આઠ વરસની વય વીત્યા પછી વયનો પણ પ્રશ્ન નથી. આયુષ્ય કોઈ વાર ક્રોડ પૂર્વનું પણ હોય એવા વૃદ્ધો પણ દીક્ષા લે છે. ઋષભદેવ પ્રભુએ ૮૩ લાખ પૂર્વની ઉમ્મરે દીક્ષા લીધી હતી. ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો હોય, તે જ પુણ્યવંતને દીક્ષાની ભાવના થાય, પછી ભલે તે ૮ વર્ષનો બટુક હોય કે ૬૦ વરસનો બુઝર્ગ હોય, શ્રીમંત હોય કે દરિદ્ર હોય. શાસ્ત્રમાં વાત આવે છે કે, શ્રી કૃષ્ણ વાસુદેવ અને સમ્રાટ શ્રેણિક રાજાને દીક્ષા પ્રત્યે સંપૂર્ણ આદરભાવ હોવા છતાં પોતાને ચારિત્ર મોહનીયનો ઉદય હોવાથી તેઓ દીક્ષા લઈ શક્યા નથી.

ઉપર મુજબની સુવિશેષ કર્મલઘુતા થાય, ત્યારે જ સાધુ બની શકાય. આથી સાધુજીવન અને તેનાં ઉપકરણો ઓઘો–મુહપત્તિ–પાતરાં કાંઈ એમના એમ મળી જતાં નથી! કેવું દુર્લભ છે સાધુજીવન? માટે જ આ માનવભવમાં તેને મેળવવા યત્ન કરો.

જૈન દીક્ષા અને બાલદીક્ષા એ શાસ્ત્ર સંમત દિવ્ય માર્ગ છે. જૈનાગમો અને ચરિત્ર-ગ્રંથોમાં એનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ થાય છે. જેમાંથી કેટલાંક આ પ્રમાણે છે :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧)

## સગીર દીક્ષા અંગેના શાસ્ત્રીય પુરાવા :

પરમ તારક શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ૮ વર્ષથી માંડીને ૭૦ વર્ષની વય પર્યંતના આત્માઓ દીક્ષા માટે યોગ્ય છે. આ જ વાતને સાબિત કરનારા ૫૦ આગમ ગ્રંથોના પુરાવા આ મુજબ છે :

(૧)

'શ્રી પંચકલ્પ ભાષ્ય'માં ભાષ્યકાર મહર્ષિએ ૭ મા પત્રની પ્રથમ પૂંઠીમાં ફરમાવ્યું છે :

बालो–किड्डा–मंदा–बला–य–पन्ना–य–हायणि–पवंचा ।
पब्भार–मम्मुही–सयेणी–दसमा य णायव्वा ॥ १ ॥

तहियं पढमदसाए, अट्ठमवरिसादि होति दिक्खा तु ।
सेसासु छसुवि दिक्खा, पब्भारादीसु सा ण भवे ॥ २ ॥

(૨)

'શ્રી નિશીથ ભાષ્ય'માં પણ ૮૪ મા પત્રની પ્રથમ પૂંઠીમાં કહ્યું છે :

दस आउविवागदसा, अट्ठमवरिसाई दिक्खपडिवत्ती ।
सेसासु वि छसु दिक्खा, पब्भारादीसु सा ण भवे ॥ २ ॥

(૩)

'શ્રી પંચવસ્તુ'માં પણ લખ્યું છે :

एएसिं वयपमाणं, अट्ठ समाउत्ति वीअरागेहिं ।
भणियं जहन्नयं खलु, उक्कोसा अणवगलोत्ति ॥ १ ॥

૧૬ વર્ષની અંદરની વયનો દીક્ષા માટે સગીર ગણાય છે. આ વાતની સાબિતી નીચેના શાસ્ત્રીય પુરાવાથી જણાય છે.

(૧)

'શ્રી પંચકલ્પ ભાષ્ય'ના ૧૩મા પત્રની બીજી પૂંઠીમાં જણાવ્યું છે :

अपडिप्पुण्णो बालो, सोवसरिसूणो अहव अनिविट्ठो ।
अम्मापिउअविदिण्णो, ण कप्पती तत्थ वडणत्थ ॥ १ ॥

(૨)

'શ્રી નિશીથ ભાષ્ય'માં પણ ૮૭ મા પત્રની બીજી પૂંઠીમાં કહ્યું છે :

अपडिप्पुण्णो बालो, विअट्ठवरिसूणो अहव अणिविट्ठो ।
अम्मापिअअविदिण्णे ण, कप्पती तत्थ वडणत्थ ॥ १ ॥

(૩)

'શ્રી જીતકલ્પ ચૂર્ણિ' વિષમપદ વ્યાખ્યાનમાં પણ ૩૨ મા પાનામાં લખ્યું છે :

[अवत्त]–अव्यक्तो वयसा षोडशवर्षाणि यावत्, तदूर्ध्वं पञ्च-
कूर्चवयः ।

(૪)

અપવાદે ૮ થી અંદરની વયવાળાને પણ દીક્ષા આપી શકાય, એ વાતની સાક્ષી પૂરતો આગમનો પાઠ:

उवसंते व महाकुले, णतिवमो व सन्निसिज्जतरे ।
अज्जाकारणजाते, बाले पव्वज्जऽणुन्नाया ॥१॥ વા. પુ. પૃ.

— पंचकल्प भा० ६–२–१४

उवसंते व महाकुले, णादिवमो व सण्णिसेज्जतरे ।
अज्जाकारणजाते अणुन्नाया बालपव्वज्जा ॥ २ ॥

— नि. भा. ८४–१–७

શાસ્ત્રમાં ૧૬ વર્ષથી ઓછી વય સુધી જ આજ્ઞા સિવાય જો દીક્ષા આપવામાં આવે તો નિષ્ફેટિકા એટલે ચોરી ગણી છે, પણ ૧૬ વર્ષથી અધિક વયવાળા માટે નહીં. જુઓ આ વાતની સાક્ષી પૂરતો આગમનો પાઠ:

'શ્રી પંચકલ્પ ભાષ્ય'ની ૧૩ મા પત્રની બીજી પૂંઠીમાં કહ્યું છે :

भयणा तेणगसद्दे, होती इणमो समासेणं ॥
जो सो अपडिपुण्णो, बिरट्ठवरिसूण अहव अणिविट्ठो ।
तं दिक्खिन्तऽविदिण्णं, तेणो परतो अतेणो तु ॥

આઠ વર્ષથી અંદરની વયવાળા બાળકો દીક્ષાને અયોગ્ય છે, એ વાતનું સ્પષ્ટીકરણ કરતો આગમનો પાઠ :

बंभस्स वयस्स फलं अयगोले चेव होति छक्काया ।
रातीभत्ते चारग अजसंतराए य पडिबंधे ॥ १ ॥

— निशीथ भाष्य ८४–१–३

बंभस्स वयस्स फलं, अयगोले चेव होति छक्काया ।
णिसिभत्तमंतराए चारग अजसो य पडिबंधे ॥ १ ॥

— पंचकल्प मा० ६–२–६

શાસ્ત્રમાં ૧૬ વર્ષથી અધિક વયવાળા મુમુક્ષુ આત્માઓ કોઈને પણ પૂછયા વગર સહર્ષ દીક્ષા સ્વીકારી શકે છે. પૂર્વે આવા અનેક દીક્ષિત થયેલાઓ શ્રી જૈન શાસનના કથા-સાહિત્યમાં તો પ્રાયઃ પ્રત્યેક ગ્રંથમાંથી મળી શકે છે; એટલું જ નહીં, પણ પૂ. આગમ ગ્રંથોમાં પણ સંખ્યાબંધ ઉદાહરણો મળી આવે છે, જેની અંશતઃ નોંધ નીચે પ્રમાણે છે :

[૧] શ્રી ઉત્તરા૦ સૂત્ર : [ભાવદેવીયા વૃત્તિ]

| અધ્યયન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૧ | ૬ | હલ્લ અને વિહલ્લ |
| ૧ | ૧૦ | શ્રેષ્ઠિ પુત્ર |
| ૨ | ૨૭ | ચાર વણિકોની દીક્ષા |
| ૨ | ૩૦ | એક રાજપુત્રની દીક્ષા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| અધ્યયન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૨ | ૫૯ | શ્રી 'સ્કન્દક' નામના રાજપુત્રની પાંચ સો ભાવુકો સાથે પ્રવ્રજ્યા |
| ૨ | ૭૪ | રાજપુત્રની દીક્ષા |
| ૨ | ૭૬ | ,, ,, |
| ૧૨ | ૨૬૦ | પુરોહિતની દીક્ષા |
| ૧૪ | ૩૦૨ | છ આત્માઓની દીક્ષા |
| ૧૮ | ૩૩૭ | દશ હજાર રાજાઓની દીક્ષા |
| ૧૮ | ૩૪૮ | શ્રી સનત્કુમાર ચક્રવર્તીની દીક્ષા |
| ૧૮ | ૩૫૧ | ચાર હજાર રાજાઓ સાથે ઈન્દુષેણ અને બિન્દુષેણની દીક્ષા |
| ૧૮ | ૩૭૯ | શ્રી દશાર્ણભદ્ર રાજાની દીક્ષા |

[૨] શ્રી કલ્પસૂત્ર સુબોધિકા :

| વ્યાખ્યાન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૧ | ૧૭ | એક હજાર આઠ વણિક પુત્રો સાથે શ્રી કાર્તિક શેઠની દીક્ષા |
| ૬ | ૧૧૮ | શ્રી ઈન્દ્રભૂતિ આદિ ચાર હજાર ચાર સો (૪૪૦૦)ની દીક્ષા |
| ૮ | ૧૬૧ | શ્રી સય્યંભવ સ્વામીની દીક્ષા |
| ૮ | ૧૬૨ | શ્રી સ્થૂલભદ્રજીની દીક્ષા |
| ૮ | ૧૬૮ | શ્રી ધનગિરિજીની દીક્ષા |

[૩] શ્રી ઉપદેશમાલા :

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૯૪ | ચાર ગોવાળિયાઓની દીક્ષા |
| ૧૬૫ | સગર્ભા પત્નીને મૂકીને દીક્ષા |

[૪] શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્ વૃત્તિ :

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૮૯ | ચારવણિયની દીક્ષા |

[૫] શ્રી ભગવતીજી સૂત્ર ભાગ બીજો :

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૪૫૮ | શ્રી ઋષભદત્ત વિપ્ર અને પત્ની દેવાનંદાની દીક્ષા |
| ૫૧૮-૧૯ | શ્રી શિવરાજર્ષિની દીક્ષા |

[૬] શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર :

| પર્વ | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૧ | ૭૧ | ચાર હજારની દીક્ષા |
| ૧ | ૯૧ | ૧૧૯૯ જણની દીક્ષા |
| ૧ | ૧૧૨ | શ્રી નમિ અને વિનમિની દીક્ષા |
| ૧ | ૧૨૩ | ૯૮ ભાઈઓની દીક્ષા |
| ૧ | ૧૮૦ | દશ હજાર રાજાઓની દીક્ષા |
| ૨ | ૯૯ | એક રાજાની દીક્ષા |
| ૨ | ૧૦૨ | એક રાજાની દીક્ષા |
| ૨ | ૧૦૮ | અનેક રાજાઓ, સામંતો અને મંત્રીઓની પોતાના પુત્રો સહિત દીક્ષા |
| ૭ | ૧૧ | શ્રી વશ્રવણની દીક્ષા |
| ૭ | ૨૮ | શ્રી આનંદમાળીની દીક્ષા |
| ૭ | ૪૧ | શ્રી વજ્રબાહુ આદિ ૨૮ ની દીક્ષા |
| ૭ | ૧૨૨ | શ્રીમતિ સીતાજીની દીક્ષા |
| ૭ | ૧૨૬ | શ્રીલક્ષ્મણજીના ૨૫૦ પુત્રોની દીક્ષા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૭ | ૧૨૭ | શ્રી રામચંદ્રજીના બે પુત્રોની દીક્ષા |
| ૭ | ૧૨૯ | સોળ હજારની દીક્ષા |
| ૮ | ૯૯ | અનેકની દીક્ષા |
| ૮ | ૧૧૩ | અનેકની દીક્ષા |
| ૧૦ | ૯૪–૯૫ | શ્રી આર્દ્રકુમારની દીક્ષા |
| ૧૦ | ૧૧૮ | એક ખેડૂતની દીક્ષા |

શ્રી જિન શાસનમાં ૮ થી ૧૬ વર્ષની વય સુધીના સગીરને, તેમના માતા પિતાદિકની સંમતિથી દીક્ષા આપવાનું સ્પષ્ટ વિધાન છે. એને અનુસારે પૂર્વે સગીર દીક્ષાઓ સંખ્યાબંધ થયેલ છે. તે પૈકીનાં અંશતઃ ઉદાહરણો અમુક શાસ્ત્રોમાંથી અહીં જણાવ્યાં છે:

[૧] શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર [ભાવદેવીયા વૃત્તિ] :

| અધ્યયન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૨ | ૨૬ | પોતાના પુત્ર સાથે હસ્તિમિત્ર શ્રેષ્ઠીની દીક્ષા |
| ૨ | ૨૮ | પુત્ર સાથે ધનમિત્રની દીક્ષા |
| ૨ | ૩૧ | (અરહન્નક) નામના પુત્ર સાથે માતા અને પિતાની દીક્ષા |
| ૨ | ૫૪ | શ્રેષ્ઠીપુત્રની દીક્ષા |
| ૨ | ૫૫ | સોમદત્ત અને સોમદેવની દીક્ષા |
| ૧ | ૩૪૨ | પિતા સાથે બાળપુત્રની દીક્ષા |

[૨] શ્રી કલ્પસૂત્ર સુબોધિકા :

| વ્યાખ્યાન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૮ | ૧૬૮ | શ્રી વજ્રસ્વામીજીની દીક્ષા |

[૩] શ્રી ઉપદેશમાલા :

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૧૬૫ | શ્રી વજ્રસ્વામીની દીક્ષા. (ઝગડો રાજદરબાર) |

[૪] શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્ વૃત્તિ :

| | |
|---|---|
| ૯૦ | માતા–પિતા સાથે બાળકની દીક્ષા. |
| ૯૫ | બાપ સાથે બાળકની દીક્ષા. |
| ૮૭ | પિતા સાથે બાળકની દીક્ષા |

[૫] શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર :

| પર્વ | પૃષ્ઠ | |
|---|---|---|
| ૧ | ૯૧ | ઘણાં બાળકોની દીક્ષા |
| ૨ | ૧.૦૮ | ઘણાં બાળકોની દીક્ષા |
| ૭ | ૭૧ | બાળ મુનિનો પ્રસંગ |
| ૯ | ૧૪૮ | ઘણાં બાળકોની પ્રવ્રજ્યા |

દ૭ પ્રહારો કરનાર દૃઢપ્રહારી, ઘોર હિંસા કરનાર અર્જુનમાળી અને ચોરી કરનાર પ્રભવ વગેરે અધમ આત્માઓને પણ તે તે આત્માઓના ઉદ્ધારને કાજે એક શુભ આશયથી જ પરમ ઉપકારી એવા મહાપુરુષોએ દીક્ષા આપ્યાનાં અનેક ઉદાહરણો શાસ્ત્રમાં મળી આવે છે. તેમાંનાં કેટલાંક આ પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧] શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર :

| અધ્યયન | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૨ | ૫૮ | પ્રતિદિન છ પુરુષ અને એક સ્ત્રી એમ સાત જણનો ઘાત કરનાર શ્રી અર્જુનમાળીની દીક્ષા અને તેના પ્રતાપે મુક્તિ |
| ૪ | ૧૫૭ | બંધુઘાતકની દીક્ષા |

[૨] શ્રી ઉપદેશમાલા :

| પૃષ્ઠ | નામ |
|---|---|
| ૫૪ | દ્રમકની દીક્ષા |
| ૧૦૦ | આત્મઘાત કરવા તૈયાર થયેલાની દીક્ષા |
| ૧૩૮–૧૩૯ | ચોરના અધિપતિની દીક્ષા |
| ૧૪૧ | પતિ–મુનિનો ઘાત કરનારી પત્નીની પ્રવ્રજ્યા |
| ૧૫૫–૧૫૬ | યતિવેષ પરના દ્વેષભાવથી મુનિને મહાભયંકર આપત્તિમાં મૂકનારની દીક્ષા |
| ૧૭૬ | આત્મઘાત માટે સજ્જ થયેલાની દીક્ષા |
| ૨૨૪ | મુનિઘાતકની દીક્ષા |
| ૨૮૮–૮૯–૯૦ | 'સ્ત્રી, બ્રાહ્મણ, બાળ અને ગાય' એ ચારની હત્યા કરનાર દૃઢપ્રહારીની દીક્ષા |
| ૩૭૩ | સંયમથી પતિત થયેલી સ્ત્રીની દીક્ષા |

[૩] શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર :

| પર્વ | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૮ | ૨૧ | મરવાને તૈયાર થયેલ શ્રી નંદિષેણની દીક્ષા |
| ૧૦ | ૯૭ | પાંચ સો સામંતોની દીક્ષા |

卐

જ્ઞાનીઓના હસ્તે દીક્ષિત થયેલા આત્માઓ પણ પતિત થયેલા છે અને પતિત થયેલામાંથી કેટલાકોએ અનેક આત્માઓને સન્માર્ગે ચઢાવેલા છે. જુઓ :

[૧] શ્રી ઉત્તરા૦ સૂત્ર :

| અ૦ | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૩ | ૧૧૯ | જમાલી |
| ૩ | ,, | તિષ્યગુપ્ત |
| ૩ | ૧૨૧ | આષાઢાચાર્ય |
| ૩ | ૧૨૨ | અશ્વમિત્ર |
| ૩ | ૧૨૫ | રોહગુપ્ત |
| ૩ | ૧૩૧ | ગોષ્ઠામાહિલ |
| ૩ | ,, | શિવભૂતિ |

[૨] શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર :

| પર્વ | પૃષ્ઠ | નામ |
|---|---|---|
| ૧ | ૯૧ | મરીચિની દીક્ષા |
| ૧૦ | ૮૬ | નંદિષેણની દિક્ષા |
| ૧૦ | ૯૪–૯૫ | આર્દ્રકુમારની દીક્ષા |
| ૧૦ | ૯૭ | ખેડૂતની દીક્ષા |

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે કેટલાક શાસ્ત્રીય પુરાવા જોયા પછી તારક જૈન શાસનની પરંપરાને ટકાવી રાખનારા લઘુ વયમાં દીક્ષિત થયેલા અને જૈન ઈતિહાસનાં સુવર્ણ પૃષ્ઠોમાં ચમકેલા પૂ. આચાર્ય ભગવંતોની નામવલી જોઈએ.

(૨)

વિક્રમની ૧૧ મી સદીના પૂર્વાર્દ્ધથી ૨૦ મી સદીના પૂર્વાર્દ્ધ સુધીમાં થયેલા કેટલાક સગીર દીક્ષિતોની સંવતવાર નામાવલિ

| | આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સંવત | દીક્ષા સંવત | દીક્ષા સમયની વય | આચાર્ય પદ |
|---|---|---|---|---|---|---|
| (૧) | આ૦ શ્રી દેવસૂરિ મ૦ (વાદિદેવ) | | ૧૧૪૩ | ૧૧૫૨ | ૯ | ૧૧૭૪ |
| (૨) | કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રસૂરિ મ૦ | | ૧૧૪૫ | ૧૧૫૪ | ૯ | ૧૧૬૬ |
| (૩) | આ૦ શ્રી મહેન્દ્રસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૨૧૮ | ૧૨૩૭ | ૯ | ૧૨૬૩ |
| (૪) | આ૦ શ્રી અજિતસિંહસૂરિ મ૦ | ,, | ૧૨૮૩ | ૧૨૯૧ | ૮ | ૧૪૧૪ |
| (૫) | આ૦ શ્રી દેવેન્દ્રસિંહસૂરિ મ૦ | ,, | ૧૨૯૯ | ૧૩૦૬ | ૭ | ૧૩૨૩ |
| (૬) | આ૦ શ્રી સોમપ્રભસૂરિ મ૦ | તપગચ્છ | ૧૩૧૦ | ૧૩૨૧ | ૧૧ | ૧૩૩૨ |
| (૭) | આ૦ શ્રી ધર્મપ્રભસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૩૩૧ | ૧૩૪૧ | ૧૦ | ૧૩૫૯ |
| (૮) | આ૦ શ્રી સિંહતિલકસૂરિ મ૦ | ,, | ૧૩૪૫ | ૧૩૫૨ | ૭ | ૧૩૯૫ |
| (૯) | આ૦ શ્રી મહેન્દ્રપ્રભસૂરિ મ૦ | ,, | ૧૩૬૩ | ૧૩૭૫ | ૧૨ | ૧૩૯૩ |
| (૧૦) | આ૦ શ્રી જિનપદ્મસૂરિ મ૦ | ખરતરગચ્છ | ૧૩૭૨ | ૧૩૭૮ | ૬ | ૧૩૯૦ |
| (૧૧) | આ૦ શ્રી જયાનંદસૂરિ મ૦ | તપગચ્છ | ૧૩૮૦ | ૧૩૯૨ | ૧૨ | ૧૪૨૦ |
| (૧૨) | આ૦ શ્રી દેવસુંદરસૂરિ મ૦ | ,, | ૧૩૯૬ | ૧૪૦૪ | ૮ | ૧૪૨૦ |
| (૧૩) | આ૦ શ્રી મેરુતુંગસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૪૦૩ | ૧૪૧૦ | ૮ | ૧૪૨૮ |
| (૧૪) | આ૦ શ્રી જ્ઞાનસાગરસૂરિ મ૦ | તપગચ્છ | ૧૪૦૫ | ૧૪૧૭ | ૧૨ | ૧૪૪૧ |
| (૧૫) | આ૦ શ્રી કુલમંડનસૂરિ મ૦ | ,, | ૧૪૦૯ | ૧૪૧૭ | ૮ | ૧૪૨૨ |
| (૧૬) | આ૦ શ્રી સોમસુંદરસૂરિ મ૦ | ,, | ૧૪૩૦ | ૧૪૩૭ | ૭ | ૧૪૫૭ |



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

| આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સં. | દીક્ષા સં. | દીક્ષા વખતે વય | આચાર્યપદ |
|---|---|---|---|---|---|
| (૧૭) આ૦ શ્રી જયકીર્તિસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૪૩૩ | ૧૪૪૪ | ૧૧ | ૧૪૬૭ |
| (૧૮) આ૦ શ્રી મુનિસુંદરસૂરિ મ૦ | તપગચ્છ | ૧૪૩૬ | ૧૪૪૩ | ૭ | ૧૪૭૮ |
| (૧૯) આ૦ શ્રી રત્નશેખરસૂરિ મ૦ | તપગચ્છ | ૧૪૫૭ | ૧૪૬૩ | ૬ | ૧૫૦૨ |
| (૨૦) આ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ મ૦ | તપગચ્છ | ૧૪૬૪ | ૧૪૭૦ | ૬ | ૧૫૦૮ |
| (૨૧) આ૦ શ્રી સિદ્ધાંતસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૫૦૬ | ૧૫૧૨ | ૬ | ૧૫૪૧ |
| (૨૨) આ૦ શ્રી ભાવસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૫૧૦ | ૧૫૨૦ | ૧૦ | ૧૫૬૦ |
| (૨૩) આ૦ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ મ૦ | નાગપુરીય તપગચ્છ | ૧૫૩૭ | ૧૫૪૬ | ૯ | ૧૫૬૫ |
| (૨૪) આ૦ શ્રી આનંદવિમલસૂરિ મ૦ | તપગચ્છ | ૧૫૪૭ | ૧૫૫૨ | ૫ | ૧૫૭૦ |
| (૨૫) આ૦ શ્રી ગુણનિધાનસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૫૪૮ | ૧૫૫૨ | ૪ | ૧૫૮૪ |
| (૨૬) આ૦ શ્રી વિજયદાનસૂરિ મ૦ | તપગચ્છ | ૧૫૫૩ | ૧૫૬૨ | ૯ | ૧૫૮૭ |
| (૨૭) આ૦ શ્રી સૌભાગ્યહર્ષસૂરિ મ૦ | લઘુપૌષાલિકગચ્છ | ૧૫૫૫ | ૧૫૬૩ | ૮ | ૧૫૮૩ |
| (૨૮) આ૦ શ્રી સમરચંદ્રસૂરિ મ૦ | પાર્શ્વચંદ્રસૂરિગચ્છ | ૧૫૬૦ | ૧૫૭૫ | ૧૫ | ૧૬૦૪ |
| (૨૯) આ૦ શ્રી સોમવિમલસૂરિ મ૦ | લઘુપૌષાલિકગચ્છ | ૧૫૭૦ | ૧૫૭૪ | ૪ | ૧૫૯૭ |
| (૩૦) જગદ્ગુરુ આ૦ શ્રી હીરવિજયસૂરિ મ૦ | તપગચ્છ | ૧૫૮૩ | ૧૫૯૬ | ૧૩ | ૧૬૧૦ |
| (૩૧) આ૦ શ્રી જિનચંદ્રસૂરિ મ૦ | ,, | ૧૫૯૪ | ૧૬૦૪ | ૮ | ૧૬૧૨ |
| (૩૨) આ૦ શ્રી આનંદસોમસૂરિ મ૦ | લઘુપૌષાલિકગચ્છ | ૧૫૯૬ | ૧૬૦૧ | ૫ | ૧૬૨૫ |
| (૩૩) આ૦ શ્રી વિજયસેનસૂરિ મ૦ | તપગચ્છ | ૧૬૦૪ | ૧૬૧૩ | ૯ | |
| (૩૪) આ૦ શ્રી હેમસોમસૂરિ મ૦ | લઘુપૌષાલિકગચ્છ | ૧૬૨૩ | ૧૬૩૦ | ૭ | ૧૬૩૫ |
| (૩૫) આ૦ શ્રી કલ્યાણસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૬૩૩ | ૧૬૪૨ | ૯ | ૧૬૪૯ |
| (૩૬) આ૦ શ્રી વિજયદેવસૂરિ મ૦ | તપગચ્છ | ૧૬૩૪ | ૧૬૪૩ | ૯ | |
| (૩૭) આ૦ શ્રી વિજયાણંદસૂરિ મ૦ | ,, | ૧૬૪૨ | ૧૬૫૧ | ૯ | ૧૬૭૬ |
| (૩૮) આ૦ શ્રી વિજયસિંહસૂરિ મ૦ | તપગચ્છ | ૧૬૪૪ | ૧૬૫૪ | ૧૦ | ૧૬૮૨ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| આચાર્યનું નામ | ગચ્છ | જન્મ સં. | દીક્ષા સં. | દીક્ષા વખતે વય | આચાર્યપદ |
|---|---|---|---|---|---|
| (૩૯) આ૦ શ્રી વિજયતિલકસૂરિ મ૦ | આનંદસૂરિગચ્છ | ૧૬૫૫ | ૧૬૬૪ | ૯ | ૧૬૭૩ |
| (૪૦) આ૦ શ્રી વિજયપ્રભસૂરિ મ૦ | તપગચ્છ | ૧૬૭૭ | ૧૬૮૬ | ૯ | ૧૭૧૦ |
| (૪૧) આ૦ શ્રી વિજયરાજસૂરિ મ૦ | આનંદસૂરિગચ્છ | ૧૬૭૯ | ૧૬૮૯ | ૧૦ | ૧૭૦૪ |
| (૪૨) આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિ મ૦ | તપગચ્છ[વિમળ શાખા] | ૧૬૯૪ | ૧૭૦૨ | ૮ | ૧૭૪૮ |
| (૪૩) આ૦ શ્રી અમરસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૬૯૪ | ૧૭૦૫ | ૧૦ | ૧૭૧૫ |
| (૪૪) આ૦ શ્રી વિજયમાનસૂરિ મ૦ | આનંદસૂરિગચ્છ | ૧૭૦૭ | ૧૭૧૯ | ૧૨ | ૧૭૩૬ |
| (૪૫) આ૦ શ્રી વિજયરત્નસૂરિ મ૦ | તપગચ્છ | ૧૭૧૯ | ૧૭૧૭ | ૬ | ૧૭૩૨ |
| (૪૬) આ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ મ૦ | તપગચ્છ[સાગર શાખા] | ૧૭૨૮ | ૧૭૩૬ | ૮ | ૧૭૪૫ |
| (૪૭) આ૦ શ્રી જિનચંદ્રસૂરિ મ૦ | ખરતરગચ્છ | ૧૭૨૯ | ૧૭૩૭ | ૯ | ૧૭૮૫ |
| (૪૮) આ૦ શ્રી નેમિચંદ્રસૂરિ મ૦ | નાગપુરીય તપગચ્છ | ૧૭૩૧ | ૧૭૪૦ | ૯ | ૧૭૫૦ |
| (૪૯) આ૦ શ્રી વિજયક્ષમાસૂરિ મ૦ | તપગચ્છ | ૧૭૩૨ | ૧૭૩૯ | ૭ | ૧૭૭૩ |
| (૫૦) આ૦ શ્રી કનકચંદ્રસૂરિ મ૦ | નાગપુરીય તપગચ્છ | ૧૭૪૬ | ૧૭૫૭ | ૧૧ | ૧૭૯૬ |
| (૫૧) આ૦ શ્રી વિદ્યાસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૭૪૭ | ૧૭૫૬ | ૯ | ૧૭૬૨ |
| (૫૨) આ૦ શ્રી ઉદયસાગરસૂરિ મ૦ | ,, | ૧૭૬૩ | ૧૭૭૭ | ૧૪ | ૧૭૯૭ |
| (૫૩) આ૦ શ્રી કાર્તિકસાગરસૂરિ મ૦ | ,, | ૧૭૯૬ | ૧૮૦૯ | ૧૩ | ૧૮૨૩ |
| (૫૪) આ૦ શ્રી જિનમુક્તિસૂરિ મ૦ | ખરતરગચ્છ | ૧૮૦૩ | ૧૮૧૫ | ૧૨ | |
| (૫૫) આ૦ શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ મ૦ | નાગપુરીય તપગચ્છ | ૧૮૦૩ | ૧૮૧૫ | ૧૨ | ૧૮૨૩ |
| (૫૬) આ૦ શ્રી વિવેકચંદ્રસૂરિ મ૦ | ,, | ૧૮૦૯ | ૧૮૨૦ | ૧૧ | ૧૮૩૭ |
| (૫૭) આ૦ શ્રી જિનઉદયસૂરિ મ૦ | ખરતરગચ્છ | ૧૮૩૨ | ૧૮૪૩ | ૧૧ | ૧૮૭૫ |
| (૫૮) આ૦ શ્રી મુક્તિસાગરસૂરિ મ૦ | અંચલગચ્છ | ૧૮૫૭ | ૧૮૬૭ | ૧૦ | ૧૮૯૨ |
| (૫૯) આ૦ શ્રી રત્નસાગરસૂરિ મ૦ | ,, | ૧૮૯૨ | ૧૯૦૫ | ૧૩ | ૧૯૧૪ |

[નોંધ : વાંચનમાં દ્રષ્ટિગોચર થયેલ ઉદાહરણોની નોંધ અત્રે આપેલ છે. આ સિવાય પણ સંખ્યાબદ્ધ અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org